ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ
સોમવાર
૧૧ નવેમ્બર, ૨૦૨૪
સત્સંગ

# અનલ સંવત્સરમાં કારતક માસનું મહત્વ વિક્રમ સંવત 2081 શરૂ




**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

વિક્રમ સંવત 2081નો પ્રથમ માસ કાર્તિક, કિર્તી સંપદા આપવામાં મહાબલવાન છે. સુદ પક્ષમાં આવનારી પ્રબોધિની એકાદશી દેવ ઉઠી અગિયારસ નામે પ્રસિદ્ધ છે. મહારાષ્ટ્રમાં પંઢરપુરના શ્રી વિઠ્ઠલ ભગવાનની યાત્રા સર્વત્ર વખણાય છે. આ દિવસે પંઢરીનાથ વિઠ્ઠલ રૂક્ષ્મિણીનું દર્શન પુણ્યપ્રાપ્તિનું મોટું સાધન છે. લગભગ સંપૂર્ણ મહારાષ્ટ્રમાંથી સંતો અને વિઠ્ઠલ ભકતો ભજનો ગાતા ગાતા પગપાળે ચાલતા પંઢરપુરમાં આવે છે. સ્ત્રીઓ તો કુંડામાં તુલસીનો છોડ માથે લઈને દર્શને આવે છે. સો-બસો નહી પણ લાખોની સંખ્યામાં વિઠ્ઠલ પ્રેમી ચાલીને નીકળે છે. એ સાંપ્રદાયને ‘વારકરી સાંપ્રદાય’ નામ છે.

વારકરી પંથના ભકતો પૂર્ણ અહિંસક અને શાકાહારી હોય છે. ગળામાં તુલસી મણિની માળા, માથા પર ટોપી અને કપાળે બુકો (કાળુચંદન) લગાવે છે. હાથમાં મંજિરા હોય છે. પાંડુરંગ હરી, વાસુદેવ હરીનો નામ જપ કરતા હોય છે. આ વારકરી પંથની શરૂઆત સંત જ્ઞાનેશ્વર મહારાજે કરી છે એવું વિધાન વારકરી કહે છે અને સંત જ્ઞાનેશ્વરને ‘માઉલી’ સંબોધન કરે છે. નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુકતાબાઈ એકનાથ નામદેવ, તુકારામ, આ સંતો વારકરી સમુદાયનું દૈવત છે. સંતોની લાંબી માલિકા છે. પુરુષ સંતો સાથે સ્ત્રી સંતો પણ વિઠ્ઠલ ભક્તિમાં તરબોળ દેખાય છે. સંતમુકતાબાઈ, સંતશ્રેષ્ઠ, વૃત્તિનાથ, જ્ઞાનદેવ અને સોપાનદેવના બહેન છે. સંત સુખબાઈ સંસારી સ્ત્રી, સંત જનાબાઈ, બહિણાબાઈ, આદી.

દરેક વર્ણમાં સંતો જન્મ્યા છે, બ્રાહ્મણ વર્ણમાં સંત એકનાથ, સંત નિવૃત્તિનાથ અને ભાઈ-બહેન, દર્જીમાં સંત નામદેવ, સોનીમાં સંત નરહરી મહારાજ કુણબીમાં સંત તુકારામ, સંતરોહી દાસ ચમાર, સંત દાયાજી અસ્પૃશ્ય હતા. ક્ષત્રિય સંત મીરાબાઈ ભગવાને દરક્ષણે હર પળે સંતોનું રક્ષણ કર્યું છે. સંતો ભગવાનના લિલા અવતાર છે. દરેક પ્રાન્તમાં સંતોનું ઉચ્ચ સ્થાન છે. સાચો મહિમા છે. નરસી મહેતા, સંત બોડાણા, સંત જલારામ બાપા, સંત રંગ અવધુત, સ્વામી નારાયણના શ્રી પ્રમુખ સ્વામી આચાર્ય ઘનશ્યામ મહારાજ આદિ સંતપુરુષો ભગવાનને સતત પ્રાર્થે છે. એનું જ મહત્ત્વ છે. સંતો ભગવાનના ભકત છે. તો ભગવાન ભકતોને ચાહે છે. ભગવાન પુંડલિકના માટે વૈકુંઠ ચોડીને પંઢરપુરમાં આવ્યો અને અઠ્ઠાવીસ યુગો સુધી કમર ઉપર હાથ રાખી વીટ પર ઊભા રહ્યા છે તે વૈકુંઠપતી નારાયણ પંઢરપુરમાં વિરાજમાન છે. એકાદશી બહુ મોટું પર્વ છે એનો ઉપવાસ મોક્ષ આપનારો છે. એકાદશીમાં મરણ ભવસિંધુ તરણ છે. વરસમાં દરેક માસમાં બે એકાદશી એટલે ચોવીસ અગિયાર સો અલગ અલગ નામથી ફળ આપનારી છે. ચોવીસે ચોવીસ એકાદશીનો ઉપવાસ વારકરી સંપ્રદાય રાખે છે આ વ્રત કોઈ પણ એકાદશીથી ચાલુ કરી શકાય છે અને કયારે પણ ઉદ્યાપન કરી શકે છો. આષાઢી અને કારતકની એકાદશી મહાએકાદશીમાં ગણવામાં આવે છે એટલે અષાઢ અને કારતક માસે સુદ પક્ષની એકાદશીનો સર્વસનાતની ઉપવાસ રાખે છે. કારતક સુદ બારસે તુલસી વિવાહ થાય છે. ભગવાન કૃષ્ણ સાથે તુલસીનું લગ્ન થાય છે અને લગ્નસરા શરૂ થાય છે. અહી ચાતુર્માસ પુરો થાય છે.

આ મહિનામાં જ વૈકુંઠ ચતુર્દશી અને ત્રિપુરોત્સવ એટલે કાર્તિક પૂનમ ઉજવાય છે. આ બંને વ્રતો સાથે છે. વિષ્ણુ અને શિવજી બંને પરમાત્મા છે, એક જ છે. પણ અજ્ઞાનથી બંનેના અલગ અલગ પંથ નિર્માણ થયા છે. શૈવ પંથી અને વિષ્ણુપંથી પરંતુ શાસ્ત્ર

> બાલમુકુંદનું દર્શન એ વાતનુ સાક્ષી છે કે એક અવિનાશી, શાશ્વત તત્વ છે. બાલકૃષ્ણ પ્રભુ એ નવજીવનનો સંકેત છે. તેમના દ્વારા જ સૃષ્ટિની પરંપરા ચાલે છે, ચાલતી રહે છે. જેમ સૂકાવૃક્ષ પરથી પાનખરમાં તમામ પાંદડા ખરી પડે અને વૃક્ષ સૂકું થઈ જાય પણ પછી નવી કૂંપળ ફૂટે છે. એ નવજીવનનો સંદેશ છે

પુરાણ પુરુષોએ વિષ્ણુ શિવાત્મક એકય બતાવવા માટે વૈકુંઠ ચતુર્દશી વ્રતની યોજના કરી છે. વૈકુંઠ ચતુર્દશીના દિવસે સવારે સ્નાનાદિ વિધિ આટોપીને ભસ્મ, તિલક વગેરે કરીને વિષ્ણુરાધના કરવી. ઉપવાસ રાખવો. રાત્રે પ્રથમ પ્રહર પછી વિષ્ણુ કૃષ્ણ ને ચોવીસ તુલસી પત્ર ચઢાવો અને રાત્રે જાગરણ કરવું. સવારે અરુણોદયમાં સ્નાન કરીને શિવપુજન કરવું અને શિવજીને શિવલિંગ પર અગિયાર બિલ્વપત્ર અર્પણ કરવા. કાર્તિક પૂનમે દેવદિવાળી ઉત્સવ ઉજવવો. દીપમાલા લગાવવી. બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર એવા સત્વ, રજ, તમ યુકત ત્રિગુણાત્મક શિવની પૂજા કરવી. શિવાએ ત્રિપુરાસુરનો વધ આ દિવસે કર્યો હતો. આ પૂજનથી આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક ત્રિવિધ પાપોનો અંત આવે છે. આવું આ કારતકમાસનું મહત્વ છે. અને નવ વર્ષમાં પુણ્ય પ્રધાન કર્મ છે.

---

# ભીષ્મ સ્તુતિ બાલકૃષ્ણનું દર્શન-નવજીવનનો સંકેત

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

એક સંસ્થાના સુવિનિયરમાં એક ઘટના વર્ણવવામાં આવી હતી કે પતિ-પત્ની બંને ડોક્ટર હતા. સાથે મળીને વિકલાંગ, અસહાય બાળકોની સેવા કરતા હતા. રાજસ્થાનનું આ દંપતિ લગ્ન પહેલા એકમેકથી પરિચત હતું. બંનેના જીવનનો ધ્યેય એક જ હતો- સમાજ સેવા. બંનેનો ધ્યેય એક જ, વિચારસરણી સમાન હતી લગ્ન કર્યા પછી બંનેએ નક્કી કર્યું કે આપણું કોઈ સંતાન ન હોય એવી એમણે પ્રતિજ્ઞા લીધી. જો બાળક જન્મે તો એના લાલન-પાલનમાં સમય આપવો પડે જેથી પીડિત માનવની સેવા પૂર્ણપણે થઈ શકશે નહીં. વળી બાળકને સાચવવાની ઝંઝટનું વિઘ્ન થશે. પિતામહ ભીષ્મની જેમ આમણે પણ પોતાનું સંતાન ન જન્માવવાની પ્રતિજ્ઞા લીધી. આવા લોકો હંમેશા પરમાર્થી જીવવાના આદર્શ સાથે કાર્યમાં લાગેલા રહે છે. અને મનને વ્યસ્ત રાખે છે અને એક અભ્યાસ મુજબ લાંબુ જીવે છે, બીમાર પણ ઓછા પડે છે. તેમનું જીવન સ્વસ્થ હોય છે. આ એક હકીકત છે જો તમે સારા ધ્યેય સાથે એક સારું કાર્ય કરતાં હો, પરમાર્થના કાર્યમાં ડૂબેલા હો તો બીમારી માટે કોઈ અવકાશ જ નથી. આવા લોકોને તાવ પણ આવે તો તેઓ કહેશે ‘સોરી, આઈ એમ બીજી રાઈટ નાઉ!’ પછી તાવ પણ પૂછે કે ‘હવે આવી શકું?’ તો કહે ના. તાવ વિચારે કે અહીં કોઈ મારો ભાવ પૂછતુ નથી ભાગો અહીંથી આમ તાવ પણ પાછો ફરી જાય છે. જે પોતાની પ્રત્યેક પળ ભગવદ કાર્યમાં વ્યતીત કરે છે. એવા લોકો લાંબુ જીવે છે એ હકીકત છે, સત્ય છે. મનને સત્કર્મનો ખોરાક આપીએ. પિતામહ ભીષ્મે મતિરૂપી કન્યાને સંસ્કારિત કરી મોટી કરી છે. શીલવતી, સુંદર, કુશળ કન્યાનો યોગ્ય વર શોધી વિવાહ કરાય તેમ પિતામહે પણ પોતાની બુદ્ધિને એવી બનાવી. સંસારની બધી કામનાઓથી રહિત, અનેક પ્રકારના સાધનોના અનુષ્ઠાનથી શુદ્ધ થયેલી મતિરૂપી કુંવારી કન્યા ભગવાન શ્રીકૃષ્ણને સોંપી રહ્યા છે. કહે છે- ‘હે યદુવર! મારી મતિરૂપી કુંવારી કન્યા માટે જો કોઈ યોગ્ય વર



હોય તો તે તમે છો. મારી પુત્રીનું કન્યાદાન કરું છું. તમે તેનો સ્વીકાર કરો.’ વિવાહ બાદ પત્ની, પતિની આજ્ઞામાં રહે છે. પત્નીને પ્રેરિત કરનાર પતિ જ હોય છે. ગાયત્રીમંત્રમાં આવે છે. બુદ્ધિને પ્રેરિત કરનારા પરમાત્મા છે પરંતુ પરમાત્માથી પ્રેરિત એ જ બુદ્ધિ હશે જે વિવેકવાળી હશે, શુધ્ધ હશે. આવી મતિને હું તમને સમર્પિત કરું છું. જે સદા પોતાના આનંદમય સ્વરૂપમાં સ્થિર રહે છે છતા પણ લીલા કરવાની ઈચ્છાથી જેમણે પ્રકૃતિનો સ્વીકાર કર્યો છે- ‘પ્રકૃતિમુપેયુષિ યદ ભવઃ પ્રવાહઃ’- જેનાથી આ સંસારનો પ્રવાહ સમગ્ર સૃષ્ટિ ચાલે છે. ભગવદ ગીતાના 15 માં અધ્યાયમાં ભગવાન અશ્વત્થની સુંદર વાત કરે છે ‘ઉર્ધ્વમૂલમધઃ શાખંશ્વત્મં પ્રાહુરવ્યયમ’ આ અશ્વત્થ અવિનાશી છે. વિદ્વાન, જ્ઞાની, વેદજ્ઞ છે તે જ અવ્યય અવિનાશી અશ્વત્થ છે. ભાગવતમાં માર્કંડેય ઋષિએ ભગવાનની માયા નિર્મિત મહાપ્રલય લીલાનું વર્ણ કર્યું છે. માર્કંડેય ઋષિએ જોયું કે બધુ પ્રલયના સમુદ્રમાં ડૂબી

> કારતક સુદ બારસે તુલસી વિવાહ થાય છે. ભગવાન કૃષ્ણ સાથે તુલસીનું લગ્ન થાય છે અને લગ્નસરા શરૂ થાય છે. અહી ચાતુર્માસ પુરો થાય છે

ગયું છે. વિનાશનું એ દશ્ય છે. કંઈ પણ બચ્યું નથી. પણ તેઓ તો છે. તેઓ દૃષ્ટા, સાક્ષી છે. તેમણે જોયું કે બધું જ સમુદ્રમાં ડૂબ્યું છે. સમુદ્ર હિલોળા લઈ રહ્યો છે. દૂર દૂર નીલા આસમાનનું દર્શન થાય છે. ઋષિએ જોયું કે સમુદ્રની લહેરો સાથે તરતું તરતું કંઈ આવી રહ્યું છે. શું હતું એ? વટવૃક્ષનું પાન અને એ પાન પર નવજાત શિશુને જોયું. બાળક શ્યામ વર્ણનું છે, કમળ સંદેશ એના નેત્રો છે. તેને દૂધ પીવડાવનારી કોઈ મા નથી. એ પોતાના બંને હાથો વડે ચરણ પકડીને અંગુઠો ચૂસી રહ્યું છે! તે બાલમુકુંદ ભગવાન છે માર્કંડેય ઋષિએ બાળમુકુંદના દર્શન કર્યાં. ‘કરારવિન્દેન પદારવિન્દં, મુખારવિંદે વિનિવેશયન્તં વટસ્ય પત્રસ્ય પુટે શયાનં, બાલં મુકુંદ મનસા સ્મરામિ ’ બાલમુકુંદનું દર્શન એ વાતનુ સાક્ષી છે કે એક અવિનાશી, શાશ્વત તત્વ છે. બાલકૃષ્ણ પ્રભુ એ નવજીવનનો સંકેત છે. તેમના દ્વારા જ સૃષ્ટિની પરંપરા ચાલે છે, ચાલતી રહે છે. જેમ સૂકાવૃક્ષ પરથી પાનખરમાં તમામ પાંદડા ખરી પડે અને વૃક્ષ સૂકું થઈ જાય પણ પછી નવી કૂંપળ ફૂટે છે. એ નવજીવનનો સંદેશ છે. બનતા-બગડતા આ સંસારમાં કંઈ છે જે અવિનાશી છે જેની કોઈ ઉત્પત્તિ નથી, નાશ નથી. જે આદિ, મધ્ય અને અંતથી રહિત છે. જે ક્યારેય જન્મતો નથી અને ક્યારેય મૃત્યુ પામતો નથી. ‘અહમે વાસમવાગે’માં આ જ વાત છે. ચતુષ્લોકી ભાગવતમાં એક શ્લોકમાં ભાગવાને આ વાત સ્પષ્ટ કરી છે. જ્યારે કંઈ પણ ન હતું ત્યારે હું હતો. આ બધુ તમે જોઈ રહ્યા છો તે મારું જ સ્વરૂપ છે. આ રૂપમા મારી જ અભિવ્યક્તિ થઈ રહી છે. જ્ઞાની જે કંઈ દેખાય રહ્યું છે તેને મિથ્યા માને છે. આ માયા રચિત નામ રૂપાત્મક પ્રપંચ છે. જ્ઞાની આનાથી વિરત થઈ જાય છે. અને વિચારે છે કે બ્રહ્મ જ સત્ય છે. બાકી બધું મિથ્યા છે પણ ભક્ત કહે છે- આ જે કંઈ છે તે બધી ભગવાનની જ અભિવ્યક્તિ છે. ભગવાન સિવાય બીજુ કંઈ છે જ નહીં ‘સર્વ ખલુ ઈદં બ્રહ્મ’ એટલે ભક્તને જડ, ચેતન સૌમાં પરમાત્માનું દર્શન થાય છે ‘જડ, ચેતન, જગ, જીવ જત સકલ રામમય જાની’ તુલસીજી બધાને પ્રણામ કરે છે -‘સિય રામમય સબ જગ જાનિ, કરહું પ્રનામ જોરિ જુગ પાનિ ’ કાંતો બ્રહ્મ સત્મ છે બાકી બધું મિથ્યા છે એમ માની નામરૂપાત્મક પ્રપંચથી મુક્ત થઈ જાવ અથવા તો બધું જ ભગવાનનું સ્વરૂપ છે માની સદભાવથી સમર્પિત થઈ જાવ, સેવામાં લાગી જાવ. જે પોતાનામાં પ્રભુમય સંસારને જોશે. તુલસીજી કહે છે- ‘નિજ પ્રભુમય દેખાહિ જગત કેહિસન કરઈ વિરોધ’ તે પછી કોનો વિરોધ કરશે? તે તો વંદન જ કરશે. તે એવું માને છે કે મારી સાધના, મારો સત્સંગ પરિપકવ બને એવી વ્યવસ્થા મારા પ્રભુની છે. કુંભાર માટી લાવે, પાણી મેળવે, ગુંદે, ચાકડે ચઢાવે, ઘાટ આપે, સૂકવે, નીંભાડે તપાવે ત્યારે કોઈ માટલું તૈયાર થાય. તેમ પ્રભુ પણ મારામાં સદભાવનું પાણી ભેળવે, તપાવે તપન, અગન, જલન, મારા પ્રભુની વ્યવસ્થા છે. માટે સૌને પ્રણામ. નરસિંહ મહેતા ગાતા કહે છે કે- ‘સકલ લોકમાં સહુ ને વંદે નિંદા ન કરે કેની રે’ ભાવપ્રધાન લોકો માટે આ માર્ગ સારો છે કે બધુ પરમાત્માનું છે. પરમાત્મા સિવાય બીજું કઈ છે જ નહીં.

પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)
ના સત્સંગને આધારે